॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૮૭, ઓગસ્ટ–૨૦૨૬, રૂા. ૫.૦૦/–











કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ દ્વારા ભુજ મંદિરમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રિરાત્રીય વિશેષ સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરાયું હતું.



હિંડોળા મહોત્સવ – ભુજ મંદિર



હિંડોળા મહોત્સવ – ભુજ પ્રસાદી મંદિર



હિંડોળા મહોત્સવ – માંડવી મંદિર



હિંડોળા મહોત્સવ – અંજાર મંદિર



હિંડોળા મહોત્સવ – રાપર મંદિર

**પવિત્ર શ્રાવણ માસમાં વૈષ્ણવ સંપ્રદાયમાં ભગવાનને ઝુલાવવાનો અનેરો અવસર આવતો હોય છે, સમગ્ર સંપ્રદાયમાં દરેક મંદિરોમાં હિંડોળા ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આપ સૌ આપના ગામના મંદિરોમાં આ મહોત્સવ ધામધૂમથી ઉજવજો. એમાં ખાસ જાણ કરવાની કે અંજાર, માંડવી અને રાપર મંદિરે દર્શન માટે પધારો ત્યારે અગાઉથી કોઠારમાં ફોન અવશ્ય કરવો જેનાથી સ્થાનિક સંતો ભોજન વ્યવસ્થા સુચારું સંભાળી શકે.**

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૬ અંક-૬ ઓગસ્ટ-૨૦૨૬
વર્ષ : ૪૧ સળંગ અંક-૪૮૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| લેખ | ૪ |
| સત્સંગ સમાચાર-દેશ | ૯ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૫ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૬ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

**મન એવં મનુષ્યાણામ્ કારણં બંધમોક્ષયોઃ ।**

સૃષ્ટિના સર્જનહારે મનુષ્યને એક અદ્ભુત અને અપૂર્વ શક્તિ અર્પણ કરી છે. તે વસ્તુ છે તેનું 'મન' મનમાં અનંત શક્તિ સમાયેલી છે. મનુષ્ય આ શક્તિનો સદુપયોગ અને દુરુપયોગ પણ કરી શકે છે.

જ્ઞાન એ મનની જ એક શક્તિ છે. તેનું કોઈ ચોક્કસ સ્વરૂપ નથી. તે જ રીતે મનનું પણ કોઈ અલગ અસ્તિત્ત્વ નથી. ઈચ્છા કરવાની અને વિચાર કરવાની શક્તિનું નામ જ મન છે. એટલા માટે, મનને કાબૂમાં રાખવા માટે સૌથી સારો ઉપાય એ છે કે, તેને સતત વિચારોમાં પરોવાયેલું જ રાખવું જોઈએ. વિચારોની એકબીજા સાથે સરખામણી અને અદલાબદલી થતી રહેવી જોઈએ.

મહારાજે મન ભૂત જેવું છે, બાળક જેવું છે, વાંદરા જેવું છે એવું કહી દૃષ્ટાંત પણ આપેલું છે. સંકલ્પ-વિકલ્પ કર્યા જ કરશે તો એમને ભગવાનની મૂર્તિરૂપી માળો અને ચરિત્રરૂપી ચારામાં ગૂંચવી મેલવું.

મન મોટે ભાગે તરત અથવા ક્ષણિક સુખ આપનારી ઈચ્છાઓ જ માંગે છે. ઈન્દ્રિય સુખની ઈચ્છાઓ તેમાં મુખ્ય હોય છે. મનુષ્યનું મન જ્યાં સુધી આવી ક્ષુલ્લક ઈચ્છાઓમાં અટવાયેલું રહે છે, ત્યાં સુધી તેની શક્તિ કે જીવનની ઉપયોગીતા જણાતી નથી. એટલા માટે આપણે આધ્યાત્મિક જીવનના વિચારો પણ કર્યે રાખીએ એ જરૂરી છે. જેમાં આપણે પરલોકના જીવનની કલ્પના તેમજ પરમ સત્ય જાણવાનો પ્રયત્ન કરીએ.



ત્રિગુણાત્મા તમઃકૃષ્ણશક્તિર્દેહતદીયયોઃ ।
જીવસ્ય ચાહંમમતાહેતુર્માયાઽવગમ્યતામ્ ॥

અને જે માયા છે એ ત્રિગુણાત્મિકા છે, અંધકારરૂપ છે, ભગવાનની શક્તિ છે. અને દેહ તથા દેહના સંબંધીઓમાં અંહતા અને મમતા કરાવનારી છે, આવી માયા જાણવી.

ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, માયા છે એ પરમાત્માના મિલનમાં જીવાત્માનો અવરોધરૂપ બનીને રહેલી છે. અર્થાત્ જીવાત્મા અને પરમાત્મા વચ્ચે પડદારૂપ બનીને રહેલી છે. એ જ કારણથી જયાં જીવ, માયા અને ઈશ્વર ત્રણ તત્ત્વોનું નિરૂપણ કરવામાં આવે છે. ત્યાં અનુક્રમમાં માયાનું જીવ અને ઈશ્વરની મધ્યે નિરૂપણ કરવામાં આવે છે. આ શિક્ષાપત્રીમાં પણ શ્રીજીમહારાજે જીવના સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી બીજા નંબરે માયાનું નિરૂપણ કર્યું છે. અને ત્યારપછી ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે.

★ શ્રીજીમહારાજે માયાના પાંચ મુખ્ય વિશેષણો નિરૂપ્યાં છે. ૧-ત્રિગુણાત્મા, ૨-તમઃ, ૩-કૃષ્ણશક્તિ, ૪-દેહેઅહંતાહેતુઃ, ૫-તદીતો મમતાહેતુઃ.

★ ત્રિગુણાત્મા :- ત્રણ ગુણો છે સ્વરૂપભૂત જેમના આવી માયા છે. અર્થાત્ સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ વાળી ત્રિગુણા માયા છે. તે જીવાત્માને બાંધીને પુણ્ય-પાપરૂપ કર્મો કરાવે છે. સત્ત્વગુણ પ્રકાશ સ્વરૂપ, રજોગુણ વિક્ષેપરૂપ અને તમોગુણ મૂઢ સ્વરૂપ છે.

★ તમોગુણ પોતે ગાઢ અંધકાર સ્વરૂપ છે, અજ્ઞાનસભર છે.

★ કૃષ્ણશક્તિ માયા ભગવાનની શક્તિ છે. અને ભાગવત પ્રમાણ આપે છે કે, પોતાની શક્તિરૂપ માયાથી વિશિષ્ઠ થઈને પરમાત્મા આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે.

★ દેહહંતા હેતુવાળી માયા દેહમાંજ અહંકાર ઉત્પન્ન કરનારી છે. 'હું શરીર છું' તે જ અહંકાર. જ્યારે હકીકતમાં 'હું' આત્મા માત્ર છું, જે શરીરથી ભિન્ન છું. "માયાથી ઉદ્ભવે મમતા, પુરુષ માને પરિવારનો પોતે શેષી..! સત્યં પરમ ધિમહી બીજું જ છે, માત્ર ને માત્ર પરમાત્મા જ શેષી..!"

★ તદીતે મમતાહેતુ માયા આ દેહના સંબંધોમાં મમતા ઉત્પન્ન કરનારી છે. "જીવાત્મા પરમાત્માથી નિયંત્રિત છે, માનવબુદ્ધિ તોયે અબૂદ્ધને બુદ્ધિમાને..! શ્વેતાશ્વેતરોપનિષદ સત્ય પ્રબોધ..! પરમાત્મા બ્રહ્માદિકના પણ ઈશ્વર છે."

માટે શ્રીસ્વામિનારાયણ ભગવાનના મંદિરમાં આવતા સર્વે સત્સંગીઓ સદાય સાવધાન રહેવું.

**"ભણેલ-ગણેલ આત્મા પણ**
**આધ્યાત્મમાં પૂર્ણ શૂન્ય હોય..!**
**પરમાત્મા જ સદાસર્વદા સંપૂર્ણ છે,**
**અંતરયામી કર્મફળદાતા જ છે."**

## ફૂલજરી

ઈચ્છારામભાઈને પાંચ દિકરા અને બે દિકરીઓ હતી. ફૂલજરી ને ફૂલપરી બંને બહેનો ઉંમર લાયક હતી. ધર્મકુળ વડતાલ આવ્યું ત્યારે આ બહેનો પણ આવેલી, તેમના લગ્ન થઈ ગયેલા હતા. સાસરે વળાવી નહોતી. વડતાલથી વિદાય થતાં આ બંને બહેનો ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી, તેમને મનમાં થયું મહારાજ અને આવડો મોટો સમુદાય મૂકીને જ્યાં ન મળે એવા ઠેકાણે જવાનું, જીંદગી કેમ નીકળશે ? રડતાં રડતાં ગાડામાં બેઠી. આ જોઈ મહારાજની આંખમાં આંસુ આવી ગયા. આ જોઈ બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, મહારાજ ! તમને સંસારની માયા ક્યાં લાગી ગઈ. ફૂલજરીને ચકમા ગામે પરણાવેલી, ઈચ્છારામે સારો એવો દાયજો વસ્ત્ર-ઘરેણાં આપેલા. જ્યારે ફૂલજરી નવાં વસ્ત્ર ને દાગીના પહેરતી હતી ત્યારે તેની દેરાણી-જેઠાણીને ઈર્ષ્યા આવતી. આપણી પાસે તો આટલું નથી, આપણા બાપ ગરીબ જો રહ્યા. તહેવાર પૂરો થતાં દાગીના ફૂલજરી ડબામાં રાખીને ડબો પોતાના સાસુને સાચવવા આપતી. સાસુ ભલાં અને ભોળાં હતાં. દેરાણી-જેઠાણીની નજર આ દાગીના પર હતી, કઈ રીતે તે ઉઠાવી લેવાં. પ્લાન ઘડ્યો બંને સાસુની સારી રીતે સેવા કરવા લાગી. સાસુનો વિશ્વાસ જીતી લીધો જેથી આપણા ઉપર શંકા ન કરે. એક રાતે ઘરેણાંનો ડબો લઈ પીયરમાંથી ભાઈને બોલાવી આપી દીધો.

દિવાળીના દિવસો આવ્યા, ફૂલજરીએ દાગીના પહેરવા સાસુ પાસે માંગ્યા. ઘણાં શોધવા છતાં દાગીના મળ્યા નહિં. દેરાણી-જેઠાણી કહે, મા આ વખતે વહુએ તમને સાચવવા આપ્યો જ નહિં હોય, સાસુ મકમ

રહ્યા. ફૂલજરી સમજી ગઈ, દેરાણી-જેઠાણીનો હાથ ફરી ગયો છે. પણ સાબિતી નથી. પેલી કહે ચોર લઈ ગયા હશે, ફૂલજરીના મુખમાંથી નિરાશાના શબ્દો નીકળ્યા જેણે મારા દાગીના લીધા હશે તે નિર્વંશ જશે અને થોડા દિવસોમાં તેનું મૃત્યુથશે ને જમપુરીમાં જશે. દેરાણી-જેઠાણીએ ભાઈને કહ્યું હવે દાગીના ઠેકાણે કરી નાખીએ, કોઈને ખબર ન પડે તેમ ભાઈ દાગીના લઈને આવ્યો, ચાલો અને અયોધ્યા જઈ વેંચી નાખીએ. બંને બહેનો પણ સાથે ગઈ. અયોધ્યામાં એક રામજી મંદિરનાં પૂજારી આ ભાઈના ગુરુ હતા ત્યાં ઉતારો કર્યો. ગુરુને વાત કરી અમારે દાગીના વેંચવા છે. પૂજારી કહે મારે ઠાકોરજી માટે ઘરેણાં લેવાં છે. તમે બજારમાં કિંમત કરાવો તેટલા રુપિયા હું આપી દઉ. ઘરેણાં ગમી ગયાં નવાં જ હતા.પૂજારીએ તે ખરીદી લીધાં. ત્રણે જણાં રાત રોકાયા, મંદિરના મેડા ઉપર ઉતારો કરેલો. જમવા માટે લોટ-ગોળ-ઘી અને દૂધ લાવ્યા, ભાખરી બનાવી. દૂધમાં સર્પની લાળ ગયેલી, ઝેર વાળું થઈ ગયેલું ત્રણે જણ જમીને સૂતા હવે તો ઉઠવાના હતા જ નહિં. પૂજારી રાતે ધ્યાન કરવા બેઠા, રામજીએ દર્શન દઈ ને કહ્યું પૂજારી તમે જે દાગીના ખરીદ્યા છે તે ચોરીનો માલ છે, અમને કામ નહિં લાગે, તમને આ સોદો નહોતો કરવો, દાગીના પાછા આપી દો ને તે રુપિયા લઈ લો. પૂજારી ઉપર ગયા ત્યાં ત્રણે સૂતેલાં ભાઈની કેડમાં પૈસા બાંધેલા તે લઈ લીધા પણ ઘરેણાં નું શું કરવું ? રામજી બોલ્યાં, દાગીના ફૂલજરીના છે. તેના તેના મોટા ભાઈ ગોપાલરામ ગુજરાતથી રવાના થયા છે. ૨૦ દિવસ પછી અહીં દર્શન કરવા આવશે, દાગીના તેમને આપી દેજો અને કહેજો ફૂલજરીને તમે આપી દેજો. જો ઘરેણાં ફૂલજરીને નહિં પહોંચે તો તું પણ પહેલા લોકોની જેમ યમપુરીમાં જઈશ. બીજે દિવસે પૂજારીએ મરેલાં ત્રણેને તેમનાં સંબંધીઓને લઈ જવા કહ્યું. ૨૦ દિવસ પછી ગોપાલરામ આવ્યા. પૂજારીએ ઘરેણાં આપી દીધાં. જે લઈ તે પોતાના ગામ આંબલીયા ગયા. બહેને ફૂલજરીને બોલાવી દાગીના આપી દીધા. ફૂલજરીના મુખેથી નીકળેલા શબ્દો સાચા પડ્યા. ત્રણે જણ નિર્વંશ ગુજરી ગયા.

## “મારો તો બસ સહજાનંદ” (અતુલ પોથીવાલા - અમદાવાદ)

જસદણના નાજા જોગિયા પોતે કાઠી હરિભક્ત. નામ સ્મરણનાં અઠંગ ઉપાસી. વાતો બહુ મોટી નહિ, વ્યવહાર પણ નાનકડો, પરંતુ સ્વામિનારાયણ ભગવાન સાથે અસીમ પ્રેમ. સ્નેહ અને નિષ્ઠામાં બહુ મોટા હરિભક્ત. મૂળ ભોંયરા ગામનાં વતની. ગામમાં ફરી ફરીને શ્રીજીમહારાજના નામનું માહાત્મ્ય સંભળાવે અને દરરોજ બે-ત્રણને તો સત્સંગી

બનાવે.

ધીરે ધીરે આ વાતની ચર્ચા એકવાર રાજાના દરબારમાં થઈ. કહે કે, આપણો એક નાનો અમથો કાઠી નાજો જોગિયો બસ આખો દિ' ''સ્વામિનારાયણ''નું જ નામ ગાયા કરે છે.

ત્યાં તો રાજા વાસુર (વાજસુર) ખાચર મહા નિર્દયી રાજા હતો, ગમે તેવા નાના મોટા ગુના કર્યા હોય પરંતુ બધાજ ગુનેગારોને એક જ સજા. એક રૂપિયો ચોર્યો હોય કે લાખ રૂપિયા બધાને એક જ દંડ. એને પકડીને તેના ઢીંચણ ભાંગી નાંખી, એક ખાઈમાં ફેંકી દેવાનો. બિચારો સબડી સબડી મોતને ભેટે.

નાજા જોગિયાની વાત સાંભળીને રાજાએ તેમને દરબારમાં બોલાવ્યા. ભક્તે તો પોતાની ટેવ પ્રમાણે પ્રભુ ભજનના મહિમાની અને સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ... સ્મરણ સાથે ભગવાનનાં ઐશ્વર્યની વાતો કરી.

સ્વામિનારાયણનું નામ પડતાં જ વાસુર ખાચર તો તાડુક્યા અને કહે, ''સાંભળી લે નાજા, તારા કહેવા પ્રમાણે સ્વામિનારાયણ જો ભગવાન હોય તો આવતી કાલે સૂરજ ઉગતાં પહેલાં આવીને મને દર્શન આપે અને જો નહીં આપે તો તારા ઢીંચણ ભાંગી નાંખીશ.''

નાજા જોગિયા કહે, ''પણ દરબાર ! મહારાજ તો ગુજરાતમાં છે.'' રાજા વધારે ઉછળ્યો, ''ગુજરાતમાં હોય કે સમુદ્રની પેલે પાર હોય, ભગવાનને કશું જ અસંભવિત હોય નહિં. તે તો અંતર્યામી હોય, માટે જો મને દર્શન નહીં થાય તો તારું આવી બન્યું સમજજે.'' નાજો કહે, ''ભલે દરબાર ! તમે મને મારો કે તારો, મારો તો બસ સહજાનંદ જ છે''

નાજા ભક્ત ઘેર આવે છે ખાવાનું ભાવતું નથી, ઊંઘ તો ક્યાંથી આવે ! બસ, એક આસને બેસી ગયા અને સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ એમ ષડક્ષરી મહામંત્રની અખંડ ધૂન કરવા લાગ્યા.

મહારાજને મનોમન પ્રાર્થના કરે, ''હે કૃપા સિંધું ! મને મારો જીવ જાય એની નથી પડી, પરંતુ તમારું નામ બદનામ થાય એ હું નહીં સાંખી શકું. માટે હે મહારાજ ! વહેલાસર આવી રાજાને દર્શન દેજો જેથી મહેણું ટળે.''

શ્રીહરિ એ વખતે તો ગુજરાતમાં વિસનગર ગામે બિરાજમાન હતા. અડધી રાતે એકદમ જાગીને તૈયાર થઈ ગયા. મુળજી બ્રહ્મચારી પણ હાંફળા-ફાંફળા જાગી ગયા અટાણે મહારાજ ક્યાં જવા તૈયાર થાવ છો ? મહારાજ કહે, ''બ્રહ્મચારી, કશું જ પૂછશો નહીં મારો ભક્ત મોટી મુસીબતમાં છે. જો સૂરજ ઉગતાં પહેલાં નહીં પહોંચુ તો મારું નામ લજવાય.''

મગરમચ્છના મુખમાં ગજેન્દ્ર (હાથી) ફસાયેલો હતો અને એનો આર્તનાદ તથા પ્રાર્થના સાંભળી જેમ ગરુડ ઉપર બિરાજમાન

થઇ શ્રીહરિ પધારેલા અને ગજેન્દ્ર મોક્ષ કરેલો કાંઇક એવી જ રીતે ભક્ત વત્સલ ભગવાન એકદમ દોડ્યા, ચાલવા જઇશ તો મોડું થઇ જશે ને મારો ભક્ત બિચારો વગર મોતે મરી જાય.

પગમાં મોજડીઓ પણ પહેરી નથી. વહેલી પરોઢે નાજા ભક્તની ડેલીએ આવી દસ્તક દીધાં. નાજા ભક્ત જાણે સમાધિમાંથી ઉઠ્યા અને દરવાજો ખોલ્યો સામે સાક્ષાત શ્રીહરિને ઊભેલા દીઠા ! પરસેવાનાં બિંદુઓ જાણે સ્નેહનાં મોતી બનીને શ્રીહરિનાં મુખારવિંદ ઉપર ચમકતાં હતાં. આંખોમાં ભક્ત ઉપરનો કરૂણાભાવ લાલીમા બનીને ઉપસી આવેલો. પગમાં મોજડીઓ તો હતી નહીં એટલે રસ્તામાં ઝાંખરા-કાંટા વાગેલાં તે ચરણારવિંદમાં લોહીની ટશરો ફૂટેલી. નાજા ભક્ત અશ્રુધારે મહારાજને દંડવત્ પગે લાગ્યા. મહારાજ કહે, ''ચાલો ભગત ! તમારા દરબારને મળવા આવ્યો છું, સૂરજ ઊગવાને હજી વાર છે.''

સવારનું પહેલું કિરણ હજુ ફૂટ્યું પણ નહોતું અને શ્રીજીમહારાજ તથા નાજા ભક્ત દરબારની ડેલીએ આવીને ઊભા રહ્યા.

વાસુર ખાચરે શ્રીહરિની આંખો સામે દૃષ્ટિ કરી ને એને સમાધિ થઇ ગઇ. સમાધિમાં જમપૂરી મોકલ્યો. ત્યાં જમનો માર ખવડાવ્યો. જેવી સમાધિ ઉતરી કે તેને તેનાં કર્મોની ભૂલ સમજાઇ. મહારાજને પગે લાગ્યા. મહારાજ કહે, ''દરબાર નાના મોટા ગુનાસર કોઇ જીવને આ રીતે રિબાવીને મારવો એ રાજાને શોભે નહિં.''

પછી નાજા ભક્ત મહારાજને ઘરે તેડી લાવ્યા. ગરમ પાણીથી મહારાજનાં ચરણો ધોયા, નાજા ભક્તની આંખોમાંથી આશ્રુધારા વહી રહી છે. ''મહારાજ ! અમ જેવા એક અદના ભક્ત માટે આટલી પીડા સહન કરી?'' મહારાજ કહે, ''ભગત એમ દુઃખી ન થાવ. તમે તો અમને સર્વસ્વ અર્પણ કર્યું, પછી અમારાથી થોડું બેસી રહેવાય ?''

શ્રીજીમહારાજ નાજા ભક્તને ત્યાં પ્રેમથી થાળ જમ્યાં અને બ્રહ્માદિકને દુર્લભ એવી પ્રસાદી ભક્તને આપી પછી મહારાજ વિદાય થયા. ડેલીએ ઊભા રહી નાજા ભક્ત મહારાજને જોતાં જ રહ્યાં. જ્યાં સુધી છોગલું દેખાતું બંધ થયું ત્યાં સુધી મહારાજ દેખાતા બંધ થયા. ''રે મહારાજ આટલો સ્નેહ વરસાવીને જતા પણ રહ્યાં'' ભક્ત ભારે હૈયે પ્રસાદીનો થાળ જમવા બેઠા.

પછી તો એ નાજા ભક્તે ગામ-ગરાસનો ત્યાગ કરી દીધો અને સદાય મહારાજની સેવામાં રહી મહારાજની સાથે જ રહેવા લાગ્યા.

''જે અમને સાચો થઇને મન અર્પણ કરે છે તેને માટે અમે કોઇ કસર રહેવા દેતા નથી.''

# સત્સંગ સમાચાર દેશ

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ ભુજ દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રિ-રાત્રીય સભા.

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુરુપૂર્ણિમા મહોત્સવ અત્યંત ભવ્યતા અને ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે વક્તા શા. સ્વામી આનંદસ્વરૂપદાસજી દ્વારા **''આપણી રામાયણ, આપણું મહાભારત''** વિષય પર વર્તમાન સમયની જરૂરિયાત મુજબના વિવિધ વિષયો પર ગહન અને પ્રેરણાદાયી વિચારો રજૂ કરવામાં આવ્યા હતા તથા ગુરુપૂર્ણિમાના દિવસે પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ **''ગુરુનું મહત્વ''** વિષય પર સુંદર કથાનું રસપાન કરાવ્યું હતું. આ ધર્મસભામાં ભુજ શહેર તેમજ આસપાસના ગામડાઓમાંથી બહોળી સંખ્યામાં હરિભક્તો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કો. સ્વામી દેવપ્રકાશદાસજી તેમજ પાર્ષદવર્ય જાદવજીભગતે આશીર્વચન પાઠવ્યા હતા.





પ્રાતઃકાળે સર્વપ્રથમ મહંત સ્વામી તેમજ વડીલ સંતો દ્વારા શ્રી ઠાકોરજીનું વિધિવત પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કચ્છ સત્સંગના ગુરુ સ્થાને વિરાજમાન ભુજ



મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી તેમજ અન્ય વડીલ સંતોનું ભાવિકો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. હરિભક્તોએ પૂજનીય સંતોને ધોતિયું અર્પણ કરી, પૂજન-અર્ચન કરીને ધન્યતાની અનુભૂતિ કરી હતી.




આ પ્રસંગે આશીર્વચન આપતાં પૂજ્ય મહંત સ્વામીએ ગુરુપૂર્ણિમા અને મહર્ષિ





વેદવ્યાસના મહાત્મ્ય વિશે જણાવાયું હતું કે આજે ભગવાન વેદવ્યાસજીનો જન્મજયંતી પર્વ છે, તેથી આપણે આ દિવસ તેમના પૂજન સાથે ઉજવીએ છીએ. ભગવાન વેદવ્યાસજીએ વેદોનું વિભાજન કર્યું, ૧૮ પુરાણો તથા મહાભારત જેવા મહાન ઈતિહાસ ગ્રંથની રચના કરી સમગ્ર માનવજાતને જીવનઉપયોગી સાહિત્ય ચરણોમાં ધર્યું છે.

આ જ જ્ઞાન સંતો મુમુક્ષુઓને પીરસીને તેમને આધ્યાત્મિક માર્ગે વાળે છે, તેથી જ આજના દિવસે સંતોનું પણ પૂજન કરવામાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આપણા મૂળ સનાતન ધર્મની ભવ્યતા અત્યાર સુધી અક્ષુણ્ણ





મહંત સ્વામીએ ખૂબ જ રાજીપા સાથે યુવાનો-યુવતીઓ તેમજ આસપાસના ગામેથી પધારેલા દરેક ભકતોને ખૂબ રૂડા આશીવાર્દ આપ્યા હતા. ત્યાર બાદ સંતો દ્વારા સભામાં બેઠેલા તમામ ભકતોને સભામાં જઈને એક એક પેંડાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

રહી છે, તેનો મુખ્ય શ્રેય આપણા સંતોને ફાળે જાય છે. આપ સૌ આપણી આ મૂળ સનાતન વૈદિક પરંપરા અને સંપ્રદાયની મર્યાદાઓને જાળવી રાખો તેમજ તેને વધુ દૃઢ કરવાનો સતત પ્રયાસ કરો, તેવાં શુભ આશીર્વાદ પાઠવું છું.

ગુરુપૂર્ણિમાના દિવસે રાત્રી સભામાં પણ યુવક મંડળના યુવાનો દ્વારા મહંત સ્વામીનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ

ઉપસ્થિત તમામ હરિભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ત્રિદિવસીય રાત્રી સત્સંગ સભાના યજમાનપદનો લાભ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ ભુજના જુદા જુદા હરિભક્તોએ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું કુશળ સંચાલન શા. સ્વામી કપિલમુનીદાસજી દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ભાટ-ગાંધીનગર

ભુજ મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ગાંધીનગર ભાટમાં ગુરુ પૂનમના દિવસે ડો. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, સ્વામી સુવ્રતમુનિદાસજી અને સ્વામી મુકુંદમુનિદાસજી આદિ સંતો દ્વારા ભગવાનનું પૂજન કરવામાં આવ્યું હતું. આ





પૂજન મહોત્સવમાં ભાટ વિશ્રાંતિ ભુવનનો કર્મચારી વર્ગ તેમજ અમદાવાદ- ગાંધીનગર ના હરિભક્તો જોડાયા હતા. ત્યારબાદ મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ સંતોનું પૂજન કરી કૃતજ્ઞતા અર્પણ કરી હતી.

# શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીધામમાં એક મહિના સુધી ભવ્ય ‘ઝુલત શ્યામ સુજાન’ હિંડોળા ઉત્સવ તથા 7D શો નું આયોજન




**‘ઝુલત શ્યામ સુજાન’ હિંડોળા એવમ્ ૭ડ્ડ શો ઉદ્‌ઘાટન ૬ ઓગષ્ટ ૨૦૨૬ ગુરુવાર**

આ પવિત્ર અને અનોખા અવસરનો લાભ લેવા તમામ હરિભક્તો, દર્શનાર્થીઓ સપરિવાર પધારી શ્રીહરિના દિવ્ય હિંડોળા દર્શનનો લાભ તેમજ 7D શો ની અદ્‌ભુત અનુભૂતિ, જુઓ, અનુભવો રોમાંચિત થાઓ.

**ચંદ્રાકાર હિંડોળે બિરાજતા શ્રીઘનશ્યામ મહારાજ :-** શીતળ ચંદ્રપ્રભા સમાન કરૂણાવર્ષા કરતા, ભક્તહૃદયને શાંતિ અને પ્રસન્નતાથી પુલકિત કરતા શ્રીઘનશ્યામ મહારાજ ચંદ્રાકાર હિંડોળે અત્યંત શોભી રહ્યા છે.

**સુર્યાકાર હિંડોળે બિરાજતા શ્રીહરિકૃષ્ણ મહારાજ :-** કરોડો સૂર્યના તેજને પણ ઝાંખું પાડી દે એવી અનુપમ શોભાવાળા શ્રીહરિકૃષ્ણ મહારાજ સૂર્યાકારે હિંડોળે બિરાજી સમગ્ર સૃષ્ટિને પ્રેમભક્તિ અને દિવ્ય જ્ઞાનનો પ્રકાશ આપી રહ્યા છે.

**વૃંદાવનધામમાં વિહાર કરતા ભગવાન શ્રીકૃષ્ણ :-** વૃંદાવનની દિવ્ય કુંજગલીઓમાં પ્રેમરસની અમૃતધારા વહાવતાં, ભક્તનો ચિત્તચોરતા બાળમિત્રો સાથે આનંદ કરતા મનોહર શ્રીકૃષ્ણ આંખમાં ખટકે છે.

**માંડવીની ફૂલવાડીએ હિંડોળો આંબાની ડાળ :-** માંડવીની પાવન ફૂલવાડીમાં આંબાની હરિયાળી ડાળે પ્રેમપૂર્વક ઝુલી રહેલા ભગવાન શ્રીસ્વામિનારાયણના અલૌકિક દર્શન ભક્તહૃદયમાં દિવ્ય સ્મૃતિઓને જીવંત કરી ભક્તિરસનો અનુભવ કરાવે છે.

**હરિયાળીના હિંડોળે ઝુલતા હરિવર :-** પ્રકૃત્તિના નવપલ્લવોથી સજ્જ હરિયાળીના

હિંડોળે આનંદમય બની વિહાર કરતા શ્રીહરિના દિવ્ય સ્વરૂપો સાક્ષાત્કાર કરાવે છે.

**વિવિધ કલાત્મક કૃતિઓના હિંડોળે બિરાજમાન ભગવાન :-** ભક્તિ અને કળાના સંગમરૂપ વિવિધ કલાત્મક હિંડોળે બિરાજમાન ભગવાન શ્રીસ્વામિનારાયણના દર્શન હૃદયને દિવ્યાનંદથી છલકાવી દે છે. આ પાવન અવસારનો માણવા ધર્મપ્રેમી હરિભક્તોને હાર્દિક આમંત્રણ છે. આ સુવર્ણ અવસરનો આવશ્ય લાભ લેશો જી.

અ - કોઠારી શા. સ્વામી નારાયણપ્રિયદાસજી

## ભુજ શ્રીસ્વામિનારાયણ પ્રસાદી મંદિર ખાતે જૂન-જુલાઇ ૨૦૨૬ દરમિયાન યોજાયેલા આધ્યાત્મિક પ્રસંગો

તા.૨૩ જૂન ૨૦૨૬ના રોજ પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના મંડળનું પ્રસાદી મંદિરે એક વર્ષ માટે આગમન થયું. સંતો અને હરિભક્તોએ હર્ષોલ્લાસ તથા ભક્તિભાવથી તેમનું સ્વાગત કર્યું.

પૂજ્ય સંતોશ્રીના એક વર્ષના નિવાસ દરમિનાયન નિયમિત સત્સંગ સભાઓ, કથાવાર્તા, શાસ્ત્રીય પ્રવચનો તથા વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા હરિભક્તોનો આધ્યાત્મિક માર્ગદર્શન પ્રાપ્ત થશે.

**બે દિવસીય રાત્રી સત્સંગ સભા :-** મંડળના સંતોને આવકારવા માટે તા.૨૬ અને ૨૭ જૂન ૨૦૨૬ ના રોજ બે દિવસીય રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં ધૂન, કીર્તન, સત્સંગ પ્રવચનો તથા સંતોના આશીર્વચનો દ્વારા ભક્તિમય વાતવારણ સર્જાયુ. મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહી આ અવસરને ભવ્ય અને યાદગાર બનાવ્યો હતો.

**ખારેક ખારેક અન્નકૂટ :-** ૧૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ યોગિની એકાદશીના પવિત્ર અવસરે શ્રીઠાકોરજીને વિશેષ ખારેક અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. હરિભક્તોએ ઉપવાસ, ભજન-ભક્તિ અને દર્શનનો લાભ લઈ એકાદશીનું પુણ્ય પર્વ ભાવપૂર્વક ઉજવ્યો હતો.

**નિંગાળ શ્રીસ્વામિનારાયણ મંદિરે સત્સંગ સભા :-** ૧૨ જુલાઈ ૨૦૨૬ રવિવારના રોજ બપોરે પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ સંતો સાથે લગભગ ૧૦૦ જેટલા ભુજના હરિભક્તો નિંગાળ મંદિરે પધાર્યા હતા. આ પ્રસંગે નારાણપર, ધાણેટી, નિંગાળ ગામના હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સભામાં નારાણપર નીચલાવાસ શ્રીસ્વામિનારાયણ મહિલા મંદિરના મહંત સાં. યો. વાલબાઈ ફઈ આદિ ૧૨ સાં. યો. બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સંતોમાં પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાાદદાસજી, પુ.સ્વામી

ભક્તિવિહારીદાસજી, સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી, વિદ્યાર્થી સ્વામી વાત્સલ્યમુનિદાસજી વિગેરે સંતો ઉપસ્થિત રહ્યા હતા.

સભાનો પ્રારંભ સર્વે હરિભક્તોએ સામૂહિક ધૂન દ્વારા કર્યો ત્યારબાદ પૂજ્ય સંતોએ આશીર્વચન પાઠવી સૌને સત્સંગમાં દઢતા, ભક્તિ અને સેવા માટે પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે વિશેષ ખારેક અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના યજમાનપદે જેઠાલાલ પ્રેમજી હાલાઈ તથા તેમના ધર્મપત્ની મંજુલાબેન હાલાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતે સર્વે હરિભક્તો સંતોના આશીર્વાદ સાથે આનંદપૂર્વક ભુજ પરત ફર્યા હતા.

**વિશેષ સત્સંગ સભા :-** તા.૧૬ થી ૧૮ જુલાઈ ૨૦૨૬ ભુજ પ્રસાદી મંદિર ખાતે યુ.કે. સત્સંગ યાત્રાએ જનાર ૭ સંતોના આશીર્વાદ નિમિત્તે ત્રણ દિવસીય રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૭ સંતો ૨૨ જુલાઈ ૨૦૨૬ થી ૧૭ ડિસેમ્બર ૨૦૨૬ સુધી યુ.કે.માં સત્સંગ પ્રચાર અને હરિભક્તોની સેવા માટે પધારવાના હોવાથી તેમની યાત્રા સફળ અને કલ્યાણકારી બને તેવી પ્રાર્થના સાથે વિશેષ સભા યોજાઈ હતી.

તા.૧૯ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજે ધૂન-કીર્તન અને મહાઆરતી બાદ સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી દેવનંદનદાસજી, સ્વામી વ્રજવિહારીદાસજી આ ૭ સંતોનું ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. હરિભક્તોએ શુભેચ્છાઓ અર્પણ કરી તેમની યાત્રા સફળ બને તથા વિદેશમાં સત્સંગનો વધુ વિકાસ થાય તેવી પ્રાર્થના કરી.

અ-સી.એ. ભાર્ગવ શંકરવાલા

## ચાંદરાણી ગામે ભુજ મંદિર દ્વારા 'શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્'નો ભવ્ય શુભારંભોત્સવ યોજાયો.

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં સૌ પ્રથમ અને કચ્છની ધરતી પર પ્રથમ એવા અનોખા 'શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્'નો ચાંદરાણી-અંજાર ગામે ભવ્ય પ્રવેશોત્સવ સાથે શુભારંભ થયો છે. ભુજ મંદિર દ્વારા સંસ્થાપિત અને રાપર ગુરુકુળ દ્વારા સંચાલિત આ વૈદિક ગુરુકુળમાં અષાઢી બીજ એટલે કે કચ્છી નૂતન વર્ષના મંગલ પ્રારંભે વૈદિક પરંપરા અનુસાર શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. પ્રાચીન સ્થાપત્ય શૈલીથી નિર્મિત આ ગુરુકુળના પ્રવેશોત્સવને લઈને બાળકો અને વાલીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ ગુરુકુળના દૃષ્ટા અને પ્રેરક ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાને શિરોધાર્ય કરીને સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીના




માર્ગદર્શન હેઠળ અહીં 'ઉપનિષદીય પંચકોષીય શિક્ષણ' આધારિત સર્વાંગી શિક્ષા પ્રણાલી અમલી બનાવવામાં આવી છે. ભારતની પ્રાચીન ૧૪ વિદ્યાઓ અને ૬૪ કળાઓનો ક્રમશઃ સમન્વય કરીને અહીંના ઋષિકુમારોને વિદ્યા-કૌશલ્યનું શ્રેષ્ઠ શિક્ષણ આપવામાં આવશે. જેથી બાળકની સુષુપ્ત શક્તિઓ ખીલે અને તે સનાતન વૈદિક ધર્મ તથા રાષ્ટ્રસેવા તરફ આગળ વધે.

કાર્યક્રમના પ્રારંભમાં મુખ્ય પ્રવેશદ્વારથી શ્રીઠાકોરજીની મૂર્તિઓને માધાપર તથા બળદિયાથી આવેલી હરિભક્તોની વાજિંત્ર મંડળીના નાદ સાથે પ્રાર્થના મંદિરમાં પધરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ સભામાં ઉપસ્થિત ભક્તો અને વાલીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ ઐતિહાસિક પ્રસંગે ભુજ સ્વામિનારાયણ મંદિરના વરિષ્ઠ સંતો સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સંતોએ નવોદિત ઋષિકુમારો, વાલીઓ તથા દરેક હરિભક્તોનો સદ્‌ગુરુ સ્વામી









બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબાળદાસજી, શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી આદિ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ વૈદિક ગુરુકુળના પ્રથમ સત્રમાં કુલ્લ ૧૦ ઋષિકુમારોએ ઉત્સાહભેર પ્રવેશ મેળવ્યો હતો. જેમાં ગુજરાતના વિવિધ વિસ્તારો જેવાં કે સિનોગ્રા, હળવદ, નડિયાદ, માંડવી, માધાપર, મોરબી અને સુરત ઉપરાંત છેક વિદેશથી (કેન્યા-આફ્રિકા)થી પણ બાળકો અભ્યાસ અર્થે આવ્યા છે.

કાર્યક્રમના પ્રારંભે નવોદિત ઋષિકુમારો દ્વારા ઉપસ્થિત તમામ પૂજ્ય સંતોનું શાસ્ત્રોક્તવિધિથી પૂજન કરી સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ બાળકોએ પોતાના માતાપિતાનું પૂજન કરી તેમના પણ આશીર્વાદ લીધા હતા. સંતોએ વાલીઓની સમજણને અને સંસ્કાર-ભાવનાને બિરદાવી તેમને તન, મન અને ધનથી સહકાર આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ મંત્રોચ્ચાર સાથે બાળકોનો વિધિવત 'વિદ્યારંભ સંસ્કાર' કરાયો હતો. આ પ્રવેશ શુભારંભ પ્રસંગે ગુરુકુળની ગૌશાળાનું ઉદ્‌ઘાટન કરીને વિધિવત ગાયનું પૂજન કરવામાં આવ્યું હતું. આ સાથે જ ઋષિકુમારોના શારીરિક કૌશલ્ય અને રમત-ગમત માટે 'અર્જુન ક્રિડાંગણ'નું પણ ઉદ્‌ઘાટન





કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે 'વૈદિક તપોવનમ'(ભરૂચ) ગુરુકુળના આચાર્યશ્રી પાર્થ શાસ્ત્રીજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વાલી સંમેલનમાં ઉપસ્થિત રહીને નવી શિક્ષણ પદ્ધતિ અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ વાલીઓ સાથે વાર્તાલાપ કરી તેમના તમામ પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કર્યું હતું.



આ નૂતન વૈદિક ગુરુકુળની સંપૂર્ણ સંભાળ સંચાલક સંતો શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી, પુરાણી સ્વામી રામપ્રિયદાસજી, પુરાણી સ્વામી રામાનુજદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી ઈશ્વરપ્રિયદાસજી સંભાળી રહ્યા છે. કાર્યક્રમના અંતમાં સંતો, દાતાશ્રીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ઉપયોગી ઔષધીય વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. અને સૌ વાલીઓએ ભારતીય સંસ્કૃતિનું જતન તથા સંવર્ધન માટે સમર્પિત થવાનો પવિત્ર સંકલ્પ લીધો હતો.

આ ખાસ પ્રસંગે ઉપસ્થિત રાપર ગામના પ.ભ.ગોપાલભાઈ વેકરીયા હસ્તે સુપુત્ર હરીશભાઈ પરિવાર, રૂડાભાઈ રાજાણી પરિવાર તથા રામજીભાઈ હિરાણી પરિવાર તરફથી આર્થિક સેવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ પાવન અવસરે ચોવિસી તેમજ હિરાપર, ચાંદરાણી, દુધઈ, કોટડા, ધાણેટી, ખોખરા વિગેરે ગામોથી બહોળી સંખ્યામાં હરિભક્તો પધાર્યા હતા. ઉપરાંત હિરાપર, દુધઈ તેમજ માંડવીથી સાં.યો.બહેનો પણ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ કર્યું હતું.

અ - દીપકભાઈ

# અંજાર શ્રીસ્વામિનારાયણ મંદિરમાં નવા સંતોનું આગમન

જેઠ સુદ-૭, તા. ૨૧/૬ રવિવારે અંજાર મંદિરમાં નવા સંતોના મંડળનું આગમન થતાં વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપામહંતા સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજીનું મંડળ નિયમાનુસારે એક વર્ષ સુધીની અવધિ પૂર્ણ થતાં વિદાય લીધી હતી અને નવું મંડળ સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીના મંડળના સંતો અહીં મંદિરમાં રહી અંજાર શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારનો સત્સંગ સાથે શ્રીઘનશ્યામ મહારાજની સેવા કરી ભક્તોને રાજી કરશે.

આ શુભ આગમન નિમિત્તે સભાના સુંદર આયોજનમાં કથાનું વાંચન શા. સ્વામી આનંદવલ્લભદાસજીએ સંગીતના સથવારે કરાવેલ હતું. સંગીતામાં સ્વામી નીલકંઠમુનિદાસજીની ટીમે સાથ આપ્યો હતો.

સભાનું સંચાલન શા. સ્વામી હરિકૃષ્ણદાસજીએ કરેલ હતું. સંતોનું ભાવભીનું સ્વાગત કોઠારી સામજીભાઇ ધનજી હિરાણી આદિ મંદિરની કાર્યવાહક કમિટીના સભ્યો તથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ સમિતિના યુવાન સભ્યોએ મંડળધારી સંતોનું ફૂલહાર પહેરાવી ભવ્ય આવકાર આપ્યો હતો.

સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, વડીલ સદ્‌ગુરુ સ્વામી અક્ષરવલ્લભદાસજી, સદ્‌ગુરુ પુરાણી સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી, સ્વામી નંદકિશોરદાસજી, સ્વામી દેવજીવનદાસજી, સ્વામી પ્રભુસ્વરૂપદાસજી, કોઠારી શા. સ્વામી આનંદવલ્લભદાસજી, કોઠારી શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, કોઠારી સ્વામી નૌતમપ્રકાશદાસજી, વિગેરે મંડળના સંતો સેવા સંભાળી રહ્યા છે.

કોઠારી શા.સ્વામી હરિકૃષ્ણદાસજીએ આગામી નજીકના આયોજનો અંગે વિગતવાર માહિતી આપી હતી.

★ હિંડોળા ઉત્સવ તા.૩૧/૭ થી ૩૦/૮ દરમિયાન ખૂબ જ ધામધૂમથી ઉજવાશે. અને અંજારમાં સૌ પ્રથમવાર ચાતુર્માસ પ્રસંગે શ્રીશિક્ષાપત્રી ભાષ્ય એવં શ્રીમદ્‌ભાગવત કથા વિશેષરૂપે ખૂબ ધામધૂમથી તા. ૨૫/૭ થી ૪/૯ સુધી ઉજવાશે. આ માટે મંદિરના પટાંગણમાં એક વિશેષ ડોમ (સભામંડપ) આકાર લઇ રહ્યો છે. બહેનો-ભાઇઓ સર્વે રાત્રે આ લાભ લઇ શકશે.

★ પ્રવચન-મહાઆરતી-મહાપ્રસાદ :- સંતોનો સંદેશ સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજીએ પોતાના પ્રવચનમાં સંતોને સાથ આપવાનું હરિભક્તોને જણાવેલ હતું. રાત્રે હરિભક્તોએ ખૂબ ઉત્સાહથી મોડે સુધી આ પ્રસંગ માણેલ હતો. ત્યારબાદ મહારતી થઇ હતી. સર્વે હરિભક્તોએ ભોજનપ્રસાદ લઇ સભા પૂર્ણ કરી હતી. યજમાનપદે સાં.યો. ત્રિવેણીબાઇ ગુરુ અ.નિ. સાં.યો. શાંતાબાઇ અંજાર રહ્યા હતા.

અ - મેહુલભાઇ ઠક્કર

# શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપરની શાળામાં તેજસ્વી તારલાઓનું સરસ્વતી સન્માન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી (C.B.S.E.અંગ્રેજી માધ્યમ) અનો શ્રીઘનશ્યામ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ) શાળામાં શૈક્ષણિક સત્ર ૨૦૨૫/૨૦૨૬ ના વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨ માં એ-૧ અને એ-૨ સાથે ઉચ્ચ ગુણાંક મેળવીને શૈક્ષણિક સિદ્ધિ સાથે બોર્ડ ધોરણમાં ભણાવતા વિષય શિક્ષકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંચાલક સ્વામી ધર્મચરણદાસજીએ શિક્ષણમાં સફળતાની સાથે નૈતિકતા કેળવવાની શીખ આપી હતી. વિદ્યાર્થીઓ માટે ઈનામના દાતાશ્રી ગામ નારાણપરના હાલે લંડન નિવાસી નાનજીભાઈ



મેળવેલ તમામ વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન પ્રતિક ભેટ આપીને કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં પંકજ રાજગોર દ્વારા ગતવર્ષના બોર્ડના પરિણામ અને શાળા ગુરુકુળની શિક્ષણ પ્રવૃત્તિઓનું વિગતવાર અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. ગુરુકુળ સંચાલિત બંને શાળામાં ધોરણ ૧૦ અને ૧૨ નું ૧૦૦ ટકા પરિણામ મેળવવા બદલ રોનક રાવલ, રિદ્ધિબેન રાવલ અને પંકજ રાજગોર હિરાણી, વાલબાઈ નાનજી હિરાણી, વિનોદભાઈ રાબડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં શાળા સંચાલક મંડળવતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, ટ્રસ્ટીશ્રીઓ નવિનભાઈ પાંચાણી, શિવજીભાઈ વેકરીયા, ગોવિંદભાઈ

હાલાઇ, શામજીભાઇ પિંડોરીયા, હરજીભાઇ વેકરીયા, રવજીભાઇ કેરાઇ, હરીશભાઇ વેકરીયા, મુકેશભાઇ વેકરીયા, શાળા ડાયરેક્ટ રોનકભાઇ રાવલ, શાળા આચાર્ય પંકજભાઇ તથા રિદ્ધિબેન રાવલ દ્વારા સફળતા મેળવેલ દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શાળાના સર્વે શિક્ષકો કાર્યક્રમમાં સહભાગી બન્યા હતા. કાર્યક્રમનું સફલ સંચાલન દિવેશ મોઢ અને રાજેશ બોરિચા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ‘વિદ્યારંભ’થી શાળા પ્રવેશોત્સવની ઉજવણી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને આપણી ભારતીય પરંપરા પોતાના હથેળીના છાપ કરી પોતાના માતાપિતાનું પૂજન કર્યું હતું.

શાળાના આચાર્યશ્રી રિદ્ધિબેન દ્વારા સર્વે વિદ્યાર્થીઓનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોને તિલક ચાંદલા



અનુસાર વિદ્યારંભ સંસ્કરણ દ્વારા પ્રવેશ અપાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મંત્રોચ્ચારથી ગૌ પૂજન કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન સ્વામી ધર્મચરણદાસજી દ્વારા વિદ્યાની સાથે સંસ્કારના જતન વિશેની વાત જણાવી હતી. મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્તવિધિ અનુસાર બાળકોને પ્રવેશ આપવા માટે દરેક વિદ્યાર્થીઓ સફેદ કપડાં પર ઓમ લખી અને પ્રતિક ભેટ આપીને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં શાળા સંચાલક મંડળવતી સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, ટ્રસ્ટીશ્રીઓ નવિનભાઇ પાંચાણી, શિવજીભાઇ વેકરીયા, ગોવિંદભાઇ

હાલાઈ, શામજીભાઈ પિંડોરીયા, હરજીભાઈ વેકરીયા, રવજીભાઈ કેરાઈ, ગોવિંદભાઈ હિરાણી, સામજીભાઈ પિંડોરીયા, હરજીભાઈ વેકરીયા, મુકેશભાઈ વેકરીયા સાથે સંચાલકશ્રી સંજય ટાંક, રોનક રાવલ, અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી રિદ્ધિબેન રાવલ, ગુજરાતી માધ્યમના આચાર્યશ્રી પંકજ રાજગોર અને સર્વે શિક્ષકો તથા વાલીઓ હાજર રહ્યા હતા.

## શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સરસ્વતી સન્માન સમારોહ

તા.૫/૭/૨૦૨૬ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા સુખપુર-ભુજ મધ્યે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામિનારાયમ મંદિર ભુજથી સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તેમજ શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા સંસ્થાના પ્રમુખશ્રી શીવજીભાઈ પાધરા, મંત્રીશ્રી જેન્તીભાઈ રાબડીયા, ટ્રસ્ટીશ્રીઓ જનકભાઈ ભટ્ટ, હીરજીભાઈ ભુડિયા, દિનેશભાઈ ગોર આદિ સર્વે ટ્રસ્ટી મંડળના સભ્યોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ ઋષિકુમારોએ વેદમંત્રોનું ગાન કરી વાતાવરણ મંત્રમય બનાવ્યું હતું. ત્યારબાદ ઋષિકુમારો દ્વારા સંસ્કૃત સ્વાગતગીત અને પુષ્પહારથી સંતો, અતિથીઓ અને ટ્રસ્ટીશ્રીઓનું સ્વાગત-પૂજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ પાઠશાળાના પ્રધાનાચાર્યશ્રી દુર્ગેશભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે પાઠશાળાને ૨૬મું વર્ષ ચાલે છે. પાઠશાળાના પ્રેરણાદાતશ્રી ભુજ મંદિરના પૂર્વ મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી તથા ગુલાબશંકર મારાજને યાદ કર્યા. આ બંને વિરલ પુરુષોની પાઠશાળા દેન છે. આ બંને પ્રત્યક્ષ નહિં, પરોક્ષ રીતે આપણી વચ્ચે જ છે.

પરિણામની જાહેરાત કરી તેમાં ધોરણ ૧૦ અનો ૧૨ નું પરિણામ ૧૦૦% આવ્યું હતું. અનો ધોરણ-૯ માં પ્રથમ ક્રમાંકે કાનડે શુભ, દ્વિતીય જોષી મંથન, તૃતીય વ્યાસ દેવ. ધોરણ-૧૦ માં પ્રથમ ઓઝા ગોપાલ (૮૪%), દ્વિતીય





આચાર્ય વંશ (૮૧%), તૃતીય પંડ્યા ઉમંગ (૭૬%). ધોરણ-૧૧ માં પ્રથમ જોષી પ્રેમ, દ્વિતીય જોષી પાર્થ, તૃતીય વ્યાસ માહિર. ધોરણ-૧૨ માં પ્રથમ જોશી મીત, દ્વિતીય જોષી યુગ, તૃતીય બાલાસરા ઉજ્જવલ અને બ્રાહ્મણ હસમુખ રહ્યા હતા. પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીઓને ઇનામ આપી સન્માનિત કરાયા હતા.

ત્યારબાદ ઓઝા ગોપાલ દ્વારા ધર્મ વિશે તથા જોષી પ્રેમ દ્વારા સોળ સંસ્કાર વિશે સંસ્કૃત ભાષામાં મંતવ્ય આપ્યું હતું.

ત્યારબાદ દિનેશભાઇએ જણાવ્યું કે શિક્ષકો, ટ્રસ્ટીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ આ વટવૃક્ષની ડાળીઓ છે. બ્રાહ્મણોએ સનાતન ધર્મને ટકાવવા ગુરુની આજ્ઞામાં રહીને વેદોનું અધ્યયન કરવું જોઇએ. ત્યારબાદ જનકભાઇ ભટ્ટે ચાર પ્રકારના વિદ્યાર્થીઓની વાત કરી હતી. ત્યારબાદ ભુજ મંદિરના શાસ્ત્રી સ્વામીવિજ્ઞાનસ્વરૂપદાસજીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે બ્રાહ્મણે વેદને સાચવવા જોઇએ. અત્યારે માત્ર વેદની ૧૦ શાખાઓ ઉપલબ્ધ છે. બીજી નષ્ટ થઇ ગઇ છે. પ્રાચીન પરંપરાઓ આપણે બચાવવી જોઇએ. સંસ્કૃત ભાષા પૂર્ણ ભાષા છે. બ્રાહ્મણના દીકરા વિશેષ સંસ્કૃત ભણે. વેદ ભારતનું મૂળ છે.

ત્યારબાદ સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ વિદ્યાર્થીઓના માતાપિતાએ ખોટી માંગણીને વશ ન થવું જોઇએ. બાળપણમાં ભણે તે પંડિત થાય, ન ભણે તે યુવાનીમાં પસ્તાય છે. ભણે તે આંખોવાળો થાય, વ્યસનોનો ત્યાગ કરવો, જ્ઞાનરૂપી દીવો પ્રગટાવવો, સમજણરૂપી સિદ્ધિ પ્રાપ્ત કરવી. ગુરુકૃપાથી અશક્ય કામ થઇ જાય છે. ભૂદેવો ભણે તે વેદો અને રાષ્ટ્રની રક્ષા થશે.

અંતે સૌનો આભાર માનવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જેઠાભાઇ વાગજીઆણી, નારાણભાઇ વેકરીયા, કાનજીભાઇ પાધરા, દેવજીભાઇ વેકરીયા આદિ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. પાઠશાળાના શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી. અને કાર્યક્રમનું સંચાલન દુર્ગેશભાઇ ભટ્ટે કર્યું હતું.

અ - દુર્ગેશભાઇ ભટ્ટ

## શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ શાળામાં બાલ સાંસદનું આયોજન કરીને લોકશાહીના મૂલ્યોની જાણકારી આપવામાં આવી

શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ નારાણપર સંચાલિત શ્રીઘનશ્યામ એકેડમી અંગ્રેજી માધ્યમ અને શ્રીઘનશ્યામ વિદ્યાલય ગુજરાતી માધ્યમ શાળામાં વિદ્યાર્થીઓ માટે બાલ સાંસદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિનિધિ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે શાળાના બધા જ વિદ્યાર્થીઓએ EVM મશીન દ્વારા મતદાન કરી ને ચૂંટણી દ્વારા શાળા હેડ બોય અને હેડ ગર્લની પસંદગી કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં શાળા આચાર્યશ્રી પંકજ રાજગોર દ્વારા ચૂંટણી એ લોકશાહીની પારાશીશી છે અને તેના મૂલ્યો વિશેની વાત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ચૂંટણીનો અનુભવ થાય તે માટે પોલિંગ બૂથ તૈયાર કરવામાં આવ્યા હતા. શાળાના બધા જ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શાળાના સંચાલક સ્વામી નારાયણવલ્લભદાસજી, સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી, શાળા ટ્રસ્ટીશ્રીઓ નવિનભાઇ પાંચાણી, શિવજીભાઇ વેકરીયા સાથે શાળા સંચાલકશ્રી સંજય ટાંક, રોનક રાવલ, અંગ્રેજી માધ્યમના આચાર્યશ્રી રિદ્ધિબેન રાવલ, ગુજરાતી માધ્યમના આચાર્યશ્રી પંકજ રાજગોર સાથે શાળાના સર્વે શિક્ષકો જોડાયા હતા. સંપૂર્ણ કાર્યક્રમનું દિવ્યેશ મોઢ અને ગૌતમ ભટ્ટના માર્ગદર્શન હેઠળ આયોજન કરાયું હતું.

## ભારત યાત્રાનો પ્રારંભ



ભારતના દરેક રાજ્યોમાં રહેતા કચ્છના સત્સંગિ પરિવારોની સંભાળ લેવા અને સત્સંગ પિયૂષ પાવા દર વર્ષની  જેમ આ વર્ષે સદ્ગુરુ સ્વામી કેશવજીવનદાસજીના મંડળના સંતો ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોએ રૂડા આશીર્વાદ પાઠવી ભુજ મંદિરથી યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો જે ૭ થી ૮ મહિના સુધી ભારતના અલગ અલગ રાજ્યોમાં રહેતા કચ્છના હરિભક્તોને સત્સંગ કથાવાર્તાથી પોષણ કરશે.

# સત્સંગ સમાચાર વિદેશ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વિચ (લંડન)
## વાર્ષિક સામાન્ય સભા

તા.૨૭/૬/૨૦૨૬ શનિવારના સાંજે ૬ વાગ્યે શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વિચ (લંડન) મંદિરની વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવેલ હતી. તેમાં તમામ ભક્તજનો ભાઈઓ અને બહેનોએ મોટા પ્રમાણમાં હાજરી આપેલ હતી.

પ્રથમ સભાનો સમય થતા ઉપસ્થિત તમામ ભક્તજનોની રજાથી સભાનું કાર્ય શરુ કરવામાં આવેલ.

પ્રથમ સભામાં ઉપસ્થિત તમામ ભક્તજનોનું પ્રમુખશ્રી હરીશભાઇ ધનજી હિરાણીએ સ્વાગત-સન્માન કરેલ. ત્યારબાદ મંત્રીશ્રી નિલેશ ભીમજી પિંડોરીયા જનરલ સભાની મિનિટ નોંધ તથા ગત વર્ષનો મંદિરનો અહેવાલ વાંચી સંભળાવેલ અને તમામ સભાજનોએ માન્ય રાખેલ.

ત્યારબાદ યુવક મંડળે મંદિરની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી. બાલકૃષ્ણ નર્સરી સંચાલકે નર્સરીની વર્તમાન પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી. ગત વર્ષના મંદિરનો આવક-જાવકનો હિસાબ મંદિરના ખજાનચીની ટીમે વાંચી સંભળાવેલ ને સભાજનોએ સંતોષપૂર્વક માન્ય રાખેલ. ત્યારબાદ સભામાં કોઈ પ્રશ્નો ના હોવાથી સભા પૂર્ણ કરવામાં આવેલ. સભાજનોએ સંતોષ વ્યક્ત કરેલ અને કાર્યવાહી કમિટીનું વિસર્જન કરવામાં આવેલ. ત્યારબાદ આગામી મુદત માટે મંદિરની સેવામાં નવી કાર્યવાહી કમિટીના સભ્યોની નિમણુંક કરવામાં આવેલ તે આ પ્રમાણે નીચે મુજબ છે.

પ્રમુખશ્રી:- હરીશભાઇ ધનજી હિરાણી-અંજાર. ઉપપ્રમુખશ્રી:- ધનજીભાઇ પ્રેમજી કાનજી-રામપર. મંત્રીશ્રી:- નિલેશ ભીમજી પિંડોરીયા-આ.સુખપર. ઉપમંત્રીશ્રી:- દિનેશ હરીશભાઇ હિરાણી-અંજાર. સહમંત્રીશ્રી:- ડૉ.રવજી ધનજી પિંડોરીયા-આ.સુખપર. ખજાનચીશ્રી:- ધનજી માવજી કેરાઇ-રામપર. ઉપખજાનચીશ્રી:- વિજય ધનજી ગામી-કેરા. સહખજાનચીશ્રી:- પરબત પ્રેમજી રૂડા-વેકરા. વેડિંગ હોલ મેનેજમેન્ટ:- અરવિંદભાઈ સામજી ભંડેરી-વેકરા. કાર પાર્ક મેનેજમેન્ટ:- રામજી પ્રેમજી પાટેલ(હાલાઇ)-માંડવી. આઇ.ટી.લીડ:- હિરજી પ્રેમજી હાલાઇ-માંડવી. સુરક્ષા લીડ:- જયંતિ લક્ષ્મણ કેરાઇ-રામપર. ફાયર સેફટી લીડ:- સુનિલ શિવજી

આશાણી-માંડવી. મેઈન્ટેનન્સ લીડ:- મહેશ ધનજી હિરાણી-અંજાર. પ્રમોશન લીડ:- હરેશ નારાણ વેકરીયા-માંડવી. યુવક મંડળ લીડ:- રોશન દેવશી કેરાઈ-રામપર. યુવક મંડળ લીડ:- જયંત પરબત હિરાણી-આ.સુખપર. સલાહકાર:- રાજેશ હરજી કેરાઈ-અંજાર. સભ્યો :- ૧-વિનય પરબત કેરાઈ-માંડવી, ૨-કપિલ નારાણ કેરાઈ-આ.સુખપર, ૩-ખુશાલ પરબત વરસાણી-વેકરા, ૪-જીજ્ઞેશ પરબત હિરાણી-આ.સુખપર, ૫-ધર્મેન્દ્ર જાદવા કેસરા-બળદિયા. હોલ્ડીંગ ટ્રસ્ટી:- ૧-પ્રેમજીભાઈ ભીમજી મનજી-દહીંસરા, ૨ધનજીભાઈ પ્રેમજી કાનજી-રામપર, ૩-માવજીભાઈ દેવજી કેરાઈ-રામપર, ૪-પરબત પ્રેમજી રૂડા-વેકરા. કિચન લીડ:- ૧-પ્રેમીલાબેન પરબત રૂડા-વેકરા, ૨-કાંતાબેન સુનિલ આશાણી-માંડવી, ૩-પ્રેમીલાબેન માવજી પિંડોરીયા-આ.સુખપર, ૪-કાંતાબેન ભાવેશ વરસાણી-વેકરા. ફૂડ આઈજીન ટીમ:- રાધાબેન હરજીભાઈ રાબડીયા-સરલી.

આ પ્રમાણે ઉપરોક્ત કાર્યવાહી કમિટીની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ. અંતમાં પ્રમુખશ્રી હરીશભાઈ ધનજી હિરાણીએ તમામ ભક્તજનોનો આભાર માન્યો અને નવા નિમાયેલા કાર્યકર્તાઓ તેમજ અન્ય ભક્તજનોને સંગઠિત રહી મંદિરની સેવા કરવાની ભલામણ કરેલ. ત્યારબાદ બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજના જયઘોષ સાથે સભાનું વિસર્જન કરવામાં આવેલ.

અ - મંત્રીશ્રી નિલેશ ભીમજી પિંડોરીયા - આ. સુખપર

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

## ભગવાનની શોધમાં

બાળ મિત્રો! જય સ્વામિનારાયણ, આજ આપણે કચ્છ લીલા કથા પ્રસંગમાં એક બાળકની કથા લઈશું. જે બાળક અતિ કઠીન યાત્રા કરી ભુજમાં આવે છે. શ્રીજીમહારાજને મળે છે. મહારાજ તેમને દીક્ષા આપી સાધુ બનાવે છે. તો ચાલો જાણીએ એ બાળક કોણ હતો. અને કેવી રીતે શ્રીજીમહારાજ સુધી પહોંચ્યો.

ભગવાન શ્રીહરિ ભુજનગરમાં સુતાર ભગવાનજી ભાઈને ઘેર બિરાજમાન હતા. કિનખાબની ડગલી, સુરવાળ તથા માથે સેલું બાંધેલું હતું. અને કંઠમાં માળા હતી. મુખારવિંદની આગળ સંતો તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમે એક છોકરો સભામાં આવે છે. તૂટેલાં-ફટેલાં કપડા છે, માથાના વાળ વિખાયેલાં છે, સભાની પાછળ

ઊભીને મહારાજના દર્શન કરે છે. શ્રીહરિ સ્વયં તેને સામે જઈને બોલાવે છે. અને બાથમાં લઈને ભટે છે. સભામાં આગળ બેસાડે છે. તો આવા રાજીપાનો પાત્ર એ નવયુવાન કોણ હતો ?

તેની હકીકત એમ છે જે, જ્યારે ભગવાન શ્રીહરિ વર્ણિરૂપે વનમાં વિચરણ કરતા હતા. ત્યારે વનમાં એક મા ને તેનો દીકરો અને દીકરી રહેતાં હતાં ત્યાં પહોંચ્યા. તે લોકો ગાયું, ભેંસું રાખતાં અને ઝૂપડી બાંધીને વનમાં રહેતાં હતાં. તેની ઝૂંપડીએ નીલકંઠવર્ણિ સવારમાં આવીને ઊભા રહ્યા. ઝૂંપડીની અંદર તે બાઈ ને તેની દીકરી હતાં. તેનો છોકરો ગાયું, ભેંસું વગડામાં ચરતી હતી ત્યાં દોવરાવવા સારું ગયો હતો. બાલયોગી જોઈને માજી પોતાની ઝૂંપડીમાંથી તત્કાળ બહાર આવી. તેજસ્વી બાલયોગી સામું જોઈને મનમાં આશ્ચર્ય પામીને બોલ્યાં, "હે મહારાજ ! તમે કોણ છો ?"નીલકંઠવર્ણિએ કહ્યું, "અમે તો સાધુ છીએ."

બાઈએ પ્રેમથી પૂછ્યું: "મહારાજ ! તમને ભૂખ લાગી હશે. તમે કંઈ જમશો ?" વર્ણિ હસીને કહ્યું : "હા, જો કંઈ તૈયાર હોય તો લાવો." બાઈ બોલી : "દહીંના ગોરસાં તૈયાર છે, પણ દૂધ હજુ આવ્યું નથી. મારો દીકરો ગાય-ભેંસ દોવરાવવા ગયો છે. તે આવશે પછી દૂધ મળશે." મહારાજે કહ્યું : "દહીં હોય તો દહીં જ લાવો." બાઈએ પોતાના ઘરમાં રાખેલું બધું દહીં નીલકંઠવર્ણિની આગળ મૂકી દીધું. વર્ણિ પ્રેમથી બધું દહીં જમી ગયા. પછી બાઈએ પૂછ્યુ : "મહારાજ! હવે તમારું પેટ ભરાઈ ગયું ?" વર્ણિ હસીને કહ્યું : "હજુ હોય તો લાવો." એટલામાં ગાય-ભેંસ દોવરાવીને બાઈનો દીકરો દૂધની કાવડ લઈને ઘરે આવ્યો. તેણે કાવડ નીચે મૂકી અને પોતાની માતાને પૂછ્યું : "મા! આ બાવા કોણ છે? અને ક્યાંથી આવ્યા છે?"

માએ કહ્યું : "બેટા! આ તો બહુ મોટા તપસ્વી છે. તેઓ હંમેશાં ભગવાનના ધ્યાનમાં રહે છે અને ખૂબ ચમત્કારી પણ છે. જો આપણે પ્રેમથી તેમની સેવા કરીશું અને તેમને દહીં-દૂધ જમાડશું, તો આપણને ઘણું પુણ્ય મળશે." છોકરાએ ફરી પૂછ્યું : "મા! તમે બાવાને શું જમાડ્યું?" માએ જવાબ આપ્યોઃ "ઘરમાં દહીં હતું, એટલે દહીં જમાડ્યું." છોકરો તરત બોલ્યો : "તો હવે તેમને દૂધ આપો." વર્ણિએ કહ્યું : "થોડું દૂધ લાવો, તો પી લઈએ." છોકરો હસીને બોલ્યો : "મહારાજ! થોડું શા માટે? પેટ ભરીને પીવો. અમારી ગાય અને ભેંસ તો ઘણું દૂધ આપે છે."

વર્ણિએ પૂછ્યું : "તમે રોજ દૂધ અને દહીં જ જમો છો?" છોકરાએ જવાબ આપ્યો : ના "મહારાજ! ગામ અહીંથી ઘણું દૂર છે. ત્યાંથી અમે અનાજ લઈ આવીએ છીએ. અત્યારે એ ખાલી થઈ ગયું છે તેથી દૂધ અને દહીંથી જ કામ ચાલે છે." નીલકંઠવર્ણિ કહ્યું,

"અનાજ થઇ રહ્યું છે તે તમે કયા દિવસે અનાજ લેવા જાશો ?'' આ વાત સાંભળીને છોકરાએ પોતાની માને પૂછ્યું : "મા! આપણે અનાજ લેવા ગામમાં ક્યારે જઈશું ?'' અને વર્ણિને આપણે આપણા ઘરે જ રાખવાના છે ? અહીં રહેવાના હોય તો એ પ્રમાણે અનાજ લાવીએ''

માએ હસીને કહ્યું : "હા, બેટા! આપણે મહારાજને રાખીશું ને ક્યાંય જવા નહીં દઈએ. તું ગામડે જઇને આ ઘી વેચીને તેના પૈસામાંથી ખાંડ, સાકર અને ચોખા લઈ આવ. પછી આપણે દરરોજ બાલયોગીને મીઠો દૂધપાક બનાવીને જમાડીશું.'' દિકરો કહે : "ભલે હું જાઉ છું કાલ સુધીમાં ખાંડ, સાકર ને ચોખા લાવીશ. તમે બાલયોગીને આપણા ઘરેથી જાવા દેશો નહિ.'' દિકરો ખુશીથી ગામમાં ગયો. તેણે ઘી વેચ્યું અને ખાંડ, સાકર અને ચોખા લઈને પાછો આવ્યો.

પછી મા અને દિકરો દરરોજ પ્રેમથી દૂધપાક બનાવીને મહારાજને જમાડતા. મહારાજ જમ્યા પછી જે પ્રસાદ રહે, તે બધા ભક્તિભાવથી જમે. અને રાત્રે મા અને તેની દીકરી ઝૂંપડીમાં સૂવે. ને વર્ણિ બહાર ઢોલિયા પર આરામ કરે. તેમની બાજુમાં છોકરો સૂવે. સૂતા પહેલાં મા છોકરાને કહે : "બેટા! મહારાજને મારી પરવાનગી વિના ક્યાંય જવા દેઈશ નહીં. ધ્યાન રાખજે, નહીં તો તેઓ ઊઠીને ચાલ્યા જશે.'' આવી રીતે ભલામણ કરીને સૂવે.

આ રીતે એક મહિનો દરરોજ પ્રેમથી વર્ણિરાજને દૂધપાક કરીને જમાડતા ને સેવા કરે. રાતે છોકરાને પાસે સુવાડી ખબર રખાવે. એક મહિના પછી મા, દીકરો અને દીકરીને લાગ્યું, : 'હવે તો મહારાજ આપણા પ્રેમથી ખૂબ રાજી થયા છે. તેથી તેઓ આપણને છોડીને નહીં જાય.'

આ વિચારથી છોકરો પણ નિશ્ચિંત થઈને ઊંઘી ગયો. પણ તે રાત્રે, જ્યારે બધા ઊંઘમાં હતા, ત્યારે નીલકંઠવર્ણિ શાંતિથી ઊઠ્યા અને એકલા જ ત્યાંથી નીકળી ગયા. સવારે જ્યારે મા જાગી, ઝુપડીથી બહાર આવીને જોયું, ત્યાં તો બાળયોગીને ઢોલિયા પર સૂતેલા જોયા નહીં. તેઓ રાત્રે જ ચાલ્યા ગયા હતા. ડોસીએ પોતાના દીકરાને જગાડીને કહ્યું : "તું મહારાજની બરાબર દેખરેખ રાખી નહીં. એટલે બાલયોગી રાત્રે ઊઠીને એકલા જ નીકળી ગયા. હવે તું તેમના ચરણારવિંદનાં પગલાં રસ્તામાં જોતો જોતો જા. અને જ્યાં મહારાજ મળે ત્યાંથી તેમને પાછા તેડીને લાવજે. જો ન મળે તો મને તારું મોઢું બતાવતો નહીં.'' આમ મા કહ્યું.

ત્યારે દીકરાએ કહ્યું: "મા, તમે ચિંતા ન કરો. હું હમણાં જ જાઉં છું અને બાલયોગીને શોધીને પાછા લઈ આવું છું.'' માજીએ ફરી કહ્યું: "હા, જરૂર મહારાજને તેડીને આવજે.''
-ક્રમશઃ

# શબ્દ આંતાક્ષરી

મત્રો, બંને સાઈડ આપેલ કલૂને અનુરૂપ જવાબ શોધી વચ્ચે આપેલ કોઠામાં ભરો. આ રમત તેના નામ મુજબ અંતાક્ષરીની જેમ ભરવાની છે. એટલે કે દરેક જવાબનો છેલ્લો અક્ષર તેના પછીના જવાબનો પ્રથમ અક્ષર બનશે.

૧. પાર્વતી સુત
૨. સત્સંગીજીવન રચના
૩. અત્રી પુત્ર
૪. શ્રીકૃષ્ણ માતા
૫. ગઢપુરના ભક્ત
૬. લક્ષ્મીજીનું નામ
૭. શંકર ભગવાન
૮. એક અવતાર
૯. રામ ભક્ત
૧૦. પાંડુ પુત્ર
૧૧. દાદાખાચરનાં બહેન
૧૨. ભક્તિમાતાનું નામ
૧૩. વિદ્યાનાં દેવી




૧૪. ભર્તૃહરિની રચના
૧૫. સારંગપુરવાસી
૧૬. ગુજરાતની નદી
૧૭. શ્રીકૃષ્ણનું નામ
૧૮. પ્રથમ આચાર્ય
૧૯. શિવજીનાં માતા
૨૦. ધર્મદેવના પુત્ર
૨૧. મહાકાવ્ય ગ્રંથ
૨૨. જનમંગલનામાવલી
૨૩. પવિત્ર નદી
૨૪. બ્રહ્માજીના પુત્ર
૨૫. દિવસ, દિન
૨૬. ભુજધામના દેવ

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૧- કિશન ભરતભાઈ પંડયા જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

૨૫૦- દેવજી સામજી હિરાણી જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર

## નોંધ :- અંક ન મળવા બાબત

શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશના આજીવન ગ્રાહકોને નમ્ર નિવેદન હાલમાં ઘણા ગ્રાહકોને ઘણા સમયથી ટપાલ દ્વારા પોસ્ટમાં શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ મળતું નથી એવી ફરિયાદો આવે છે. સંદેશ કાર્યાલયમાંથી નિયમિત રીતે દર મહિને દેશ-વિદેશના લગભગ 9000 જેવા અંક પોસ્ટ દ્વારા નિયત કરેલ તારીખે રવાના કરવામાં આવે છે. છતાં ગ્રાહકોની ફરિયાદને ધ્યાને લઈને મુખ્ય પોસ્ટ ઓફિસમાં લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવેલ છે.

તેમ છતાં ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે તમો તમારા વિસ્તારને લગતી પોસ્ટ ઓફિસમાં તમો પણ લેખિતમાં ફરિયાદ કરીને પોસ્ટ ઓફિસના સિક્કાવાળી એક કોપી પરત લેવી જે તમારા પાસે રહે.

બીજું ઘણા ગ્રાહકોના અંક પરત આવે છે. તો જે જે ગ્રાહકોના એડ્રેસ ચેન્જ થયા હોય અથવા એક જગ્યાએથી બીજી જગ્યાએ શીટ થયા હોય એવા ગ્રાહકો પોતાના પૂરા નામ સરનામા સાથે આ મોબાઈલ 7567604000 નંબર ઉપર પૂરી વિગત લખીને સુધારો કરાવવા વિનંતી.

અને ભારતભરમાં ક્યાંક રાજ્ય કે જિલ્લા અલગ થયા હોય તો જે તે જગ્યાના પિનકોડ નંબર ફેરફાર હોય તથા કચ્છમાં ક્યાંક નવાવાસ-જુનાવાસ અથવા ઉપલોવાસ-નીચલોવાસ જે ફેરફાર હોય તે ખરાઈ કરાવી સુધરાવી લેવા.

ઘણા ભક્તો આજીવન સભ્યની નોંધણી થયેલ વ્યક્તિ જે અક્ષરનિવાસી (ધામમાં ગયેલ) થયેલ હોય તો તેના નામ પોતાની નૈતિક ફરજ સમજીને કમી કરાવી પોતાના નામે આજીવન ગ્રાહક થઈ દેશમાં રૂપિયા 501, વિદેશમાં રૂપિયા 6001 ભરી રિન્યુ કરાવી લેવું.

# શુભ ખાતમુહૂર્ત આમંત્રણ

શ્રી સ્વામિનારાયણ મંદિર – ભુજ (કચ્છ) દ્વારા હરિભક્તોની સુવિધા અર્થે દિલ્હી અને હરિદ્વાર ખાતે નૂતન વિશ્રાંતિ ભવનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત બંને સ્થળોએ ભવ્ય ખાતમુહૂર્ત વિધિનું આયોજન કરવામાં આવ્યું છે. **દિલ્હી : શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન ભુજધામ - દિલ્હી તા. ૧૧-૯-૨૦૨૬, શુક્રવાર (સંવત ૨૦૮૨ શ્રાવણ વદ અમાસ)ના રોજ રાખેલ છે અને હરિદ્વાર : શ્રી નરનારાયણદેવ વિશ્રાંતિ ભવન ભુજધામ - હરિદ્વાર તા. ૧૩-૯-૨૦૨૬, રવિવાર (સંવત ૨૦૮૨ ભાદરવા સુદ ૨)** ના રોજ રાખેલ છે. આ દિવ્ય પ્રસંગે આપના ગામના મંદિરની કમિટીના ૨ થી ૩ હરિભક્તોને પધારી લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ છે.

**:: સંપર્ક અને નોંધ ::**

હરિદ્વાર ખાતે પધારનાર હરિભક્તોએ અગાઉથી ઉતારાની વ્યવસ્થા માટે તા. ૧૫–૮–૨૦૨૬ સુધીમાં નીચે આપેલા નંબર પર અચૂક જાણ કરવી.

| સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી | હસમુખભાઈ હીરાણી |
|---|---|
| મો. ૯૮૨૫૩ ૪૧૦૪૧ | મો. ૯૯૦૯૨ ૨૯૦૬૪ |

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ || || શ્રી નરનારાયણાય નમઃ ||

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ

# જ્ઞાનયજ્ઞ

## નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન




**પોથીયાત્રા :** સં. ૨૦૮૩, ફાગણ વદ-૩૦ (અમાસ), મંગળવાર, તા. ૦૬-૦૪-૨૦૨૭

**કથા પ્રારંભ :** સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૧, બુધવાર, તા. ૦૭-૦૪-૨૦૨૭

**કથા સમાપ્તિ :** સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૭, મંગળવાર, તા. ૧૩-૦૪-૨૦૨૭

**નારાયણ યજ્ઞ :** સં. ૨૦૮૩, ચૈત્ર સુદ-૮, બુધવાર, તા. ૧૪-૦૪-૨૦૨૭

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી **તા. ૦૭-૦૪-૨૦૨૭ થી તા. ૧૩-૦૪-૨૦૨૭** સુધી **સમૂહ શ્રીમદ્ ભાગવત સાપ્તાહ જ્ઞાનયજ્ઞ** નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

### એક પોથીના રૂ. ૩૧,000/-

- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.
- ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.
- નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.
- ૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે.

- સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોય તેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.
- જેના નિમિતે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮×૧૨ સાઈઝ) તથા સુખદનો હાર લાવી શકાશે.
- સાથે ડીશ, કલશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.

**કથા સ્થળ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ.**

**ફોન નં. : ૭૫૬૭૬ ૦૮૦૦૦**



RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2026/UPTO 31-12-2026

## શ્રી સ્વામિનારાયણ મંદિર - ભુજ







# નુતન વિશ્રાંતિ ભવન
# ખાતમુહૂર્ત સમારોહ

### શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવન - ભુજ ધામ

## દિલ્હી

ખાત મુહૂર્ત તા. 11-09-2026, શુક્રવાર

વિ.સં. 2082, શ્રાવણ વદ અમાસ

### શ્રી નરનારાયણ દેવ વિશ્રાંતિ ભવન - ભુજ ધામ

## હરિદ્વાર

ખાત મુહૂર્ત તા. 13-09-2026, રવિવાર

વિ.સં. 2082, ભાદરવા સુદ 2